## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## સંશોધન સમિતિની ૧૬મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સમિતિની ૧૬મી બેઠક કરવા અંગે માન.કા.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ કમિટીની બેઠકનું આયોજન તા.૧૮/૦૫/૨૦૨૩નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે માન.કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં Online/Offline એમ બંને મોડમાં કરવામાં આવેલ હતું. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) પ્રો. (ડૉ.) લલિતકુમાર એ.પટેલ, માન.કા.કુલપતિશ્રી
(૨) ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા
(૩) પ્રો. વિનોદ કુમાર ઝા
(૪) ડૉ. ડી.એમ. મોકરિયા
(૫) ડૉ. કાર્તિક પંડ્યા
(૬) કુ. ખુશ્બુબેન રાજપોપટ

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૧૬) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. અંતે, માન.કા.કુલપતિશ્રીની સહમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

(૧) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણે મરણોત્તર પીએચ.ડી. ડીગ્રી આપેલ છે તે પ્રમાણે અત્રેના પીએચ.ડી.ના વિદ્યાર્થી સ્વ.શ્રી મહેતા જયેશભાઈના પરિવારને મરણોત્તર પીએચ.ડી. ઉપાધિ આપવા સમિતિ ભલામણ કરે છે.

(૨) બિનભારતીય/NRI ઉમેદવારોને સેલ્ફ ફાયનાન્સ ધોરણે અત્રેની યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરવા અંગેની અનુમતિ આપવા સમિતિ ભલામણ કરે છે. આ બાબતનો સુધારો નિયમોમાં કરીને તેની બહાલી/મંજૂરી મેળવી પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૩) પ્રો.(ડૉ.) લલિતકુમાર એ. પટેલની આવેલ અરજી અનુસંધાને તેમના CAS પ્રોફેસર ગ્રેડમાં થયેલ પ્રમોશનને ધ્યાને લઈ પીએચ.ડી. માર્ગદર્શકતા સંશોધિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૪) ડૉ. લક્ષ્મીનારાયણ ભટ્ટની પીએચ.ડી. માર્ગદર્શકતા અંગેની આવેલ અરજીની ચકાસણી કરતા તેઓશ્રીની અરજી માન્ય ઠરેલ છે. માન્ય રહેલ અરજીની બહાલી આગામી એ.સી./ઇ.સી.ની બેઠકમાં મેળવી તેઓને માન્યતા આપવા અંગે આગળની કાર્યવાહી કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ની માર્ગદર્શકશ્રીઓની યાદીમાં તેમનું નામ સમાવિષ્ટ કરવા સમિતિ ભલામણ કરે છે.

(૫) ડૉ. મહેશકુમાર ઠાકરની પીએચ.ડી. માર્ગદર્શકતા અંગેની આવેલ અરજીની ચકાસણી કરતા તેઓશ્રીની અરજી માન્ય ઠરેલ છે. માન્ય રહેલ અરજીની બહાલી આગામી એ.સી./ઇ.સી.ની બેઠકમાં મેળવી તેઓને માન્યતા આપવા અંગે આગળની કાર્યવાહી કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ની માર્ગદર્શકશ્રીઓની યાદીમાં તેમનું નામ સમાવિષ્ટ કરવા સમિતિ ભલામણ કરે છે.

(૬) શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ની યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત પીએચ.ડી. માર્ગદર્શકશ્રીઓની યાદી પ્રસિદ્ધ કરવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

Scanned with CamScanner

(૭) અત્રેની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં શોધાર્થીઓ તથા આચાર્યકક્ષાનાં છાત્રોને વિવિધ સ્કોલરશીપ/ફેલોશીપ અંગેની માહિતી આપવા એક ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન સંશોધન વિભાગ દ્વારા આગામી શૈક્ષણિક સત્રમાં કરવા સમિતિ ભલામણ કરે છે.

(૮) અત્રેની યુનિવર્સિટી પરિસરમાં કાર્યરત અધ્યાપકો/શૈક્ષણિક સ્ટાફ માટે CAS અંગેનાં યુજીસીનાં નિયમોથી માહિતગાર કરવા એક વિશિષ્ટ વ્યાખ્યાનનું આયોજન સંશોધન વિભાગ દ્વારા આગામી શૈક્ષણિક સત્રમાં કરવા સમિતિ ભલામણ કરે છે.

(૯) ગત Research Discussion Committee (RDC)માં તા.૧૧/૦૫/૨૦૨૩ના રોજ ૧૮ શોધાર્થીઓને શીર્ષક અને માર્ગદર્શકની ફાળવણી કરેલ છે. તે તમામનું Ph.D. Registration તા.૧૫/૦૬/૨૦૨૩ સુધીમાં કરાવવાનું થાય છે. આ ઉપરાંત, ઉપરોક્ત વિગતે નવા માર્ગદર્શકશ્રીઓને માન્યતાના પત્રો આપવાના થાય છે. આ તમામ કામગીરી પૂર્ણ કરીને આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪માં પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા (PET)નું આયોજન જુલાઇના અંત પહેલાં કરવા સમિતિ ભલામણ કરે છે.

**મહાનુભાવોનાં સૂચનો-**

(10) પીએચ.ડી. મહાશોધનિબંધ મૂલ્યાંકન અર્થે રેફરીશ્રીઓની યાદી પ્રતિવર્ષ સંશોધિત (Update) કરવા અને જરૂર જણાયેથી વચ્ચે પણ જે તે સંકાયાધ્યક્ષશ્રીના સૂચનથી નવું નામ ઉમેરવા સંશોધન સમિતિ ભલામણ કરે છે.

(11) ૨૭ પીએચ.ડી મહાશોધનિબંધોની સોફ્ટકોપી વિભાગમાં પ્રાપ્ત થયેલ નથી. તે તમામ ૨૭ પીએચ.ડી. પદ્વીધારકોને તેમના મહાશોધનિબંધની સોફ્ટકોપી/Scan Copy સંશોધન વિભાગમાં જમા કરાવવા અંગેનો પત્ર કરવા સંશોધન સમિતિ ભલામણ કરે છે. જો પ્રાપ્ત ન થાય તેવા સંજોગોમાં યુનિવર્સિટી કક્ષાએથી સ્કેન કરી પ્રક્રિયા કરવા સંશોધન સમિતિ ભલામણ કરે છે.

(12) સંશોધન વિભાગ શોધજ્યોતિ: અંક-૪ની સોફ્ટકોપી PDFમાં તેના પ્રબંધ સંપાદક પ્રો. વિનોદ કુમાર ઝાજીને આપવા અને તેમની કક્ષાએથી તમામ પ્રકાશિત લેખોના લેખકોને મોકલવા સંશોધન સમિતિ ભલામણ કરે છે.

**અધ્યક્ષશ્રીનાં સૂચનો-**

(13) અત્રેની યુનિવર્સિટી અને જૈન દેરાસર /સંસ્થા,ખંભાત વચ્ચે થનાર MoUનો સંભવિત ડ્રાફ્ટ સંશોધન વિભાગ તૈયાર કરીને મોકલી આપે અને અગ્રિમ કાર્યવાહી કરવા સંશોધન સમિતિ ભલામણ કરે છે.

(14) ફેલોશીપ/સ્કોલરશીપ મેળવતા પીએચ.ડી. શોધાર્થીઓને નિયમાનુસાર જ અને તે પણ તેમના માર્ગદર્શકશ્રી અને અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી મળ્યા બાદ જ રજા ભોગવવાની રહેશે એમ નિયમ બનાવી પત્રથી સૌને જાણ કરવા સંશોધન સમિતિ ભલામણ કરે છે. અને આ રીતે રજા ભોગવનાર શોધાર્થીએ ફિલ્ડવર્ક કે અન્ય સંશોધનની કામગીરી અન્ય જગ્યાએ કરી હોય તેનો રિપોર્ટ/પ્રમાણપત્ર આપવાનું રહે તેવી જોગવાઇ કરવા સંશોધન સમિતિ ભલામણ કરે છે.

બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ.કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી

Scanned with CamScanner